પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૯ | ૨૧ જાન્યુઆરી, ૨૦૨૨, શુક્રવાર; પોષ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના બેફામ : દેશમાં કેસ ૩ લાખને પાર

**દેશમાં કોરોનીની ત્રીજી લહેર પીક પર, ઓમિક્રોનના કેસ પણ વધ્યા : મોતનો આંક વધ્યો : ઓમિક્રોનના બુધવારે નોંધાયેલા કેસ સામે એક દિવસમાં ૩.૬૩ ટકાનો વધારો થયો, ૨૩૪ દિવસના સૌથી વધુ કેસ, વધુ ૪૯૧ દર્દીઓનાં મોત**



નવી દિલ્હી, તા.૨૦

કોરોના વાયરસના નવા કેસમાં સતત ઉછાળો નોંધાઈ રહ્યો છે. ત્રીજી લહેર ભારતમાં ઝડપથી પીક પર પહોંચી રહી છે. આ સાથે ઓમિક્રોનના કેસની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. નવા કેસમાં વધારો થવાની સાથે મૃત્યુ આંક પણ વધી રહ્યા છે. ૫ જાન્યુઆરીએ દેશમાં ૫૩૫ મૃત્યુ થયા બાદ આજે નોંધાયેલા કેસમાં મહિનાના બીજા નંબરના સૌથી વધુ મોત નોંધાયા છે. ત્રીજી લહેર દરમિયાન પહેલીવાર કોરોનાના નવા કેસ ત્રણ લાખને પાર થઈ ગયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આજના આંકડા પ્રમાણે પાછલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના વધુ ૩,૧૭,૫૩૨ કેસ નોંધાયા છે. જે ૨૪૯ દિવસના સૌથી વધુ કેસ છે. ગુરુવારના નવા કેસ સાથે કોરોનાના કુલ કેસ ૩,૮૨,૧૮,૭૭૩ થઈ ગયા છે, જ્યારે ઓમિક્રોન વેરિયન્ટના કેસ વધીને ૯,૨૮૭ થઈ ગયા છે. નવા કેસમાં વધારો થતા એક્ટિવ કેસ ૧૯,૨૪,૦૫૧ થઈ ગયા છે અને તે ૨૩૪ દિવસના સૌથી વધુ કેસ

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રમાં ૨૪મીથી ધો.૧થી ૧૨ની શાળાઓ ખોલવા નિર્ણય

**ત્રીજી લહેરમાં રેકોર્ડ કેસ છતાં સરકારનો નિર્ણય : શિક્ષણ વિભાગની દરખાસ્તને ઉદ્ધવ ઠાકરેએ મંજૂરી આપી**

મુંબઈ, તા.૨૦

કોરોનાની ત્રીજી લહેરમાં રેકોર્ડબ્રેક કેસો નોંધાયા બાદ હવે મહારાષ્ટ્રમાં સરકારે ૨૪ જાન્યુઆરી એટલે કે આવતા સોમવારથી કોવિડ પ્રોટોકોલ્સ સાથે ધોરણ ૧-૧૨ના વર્ગો શરુ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યના શિક્ષણ મંત્રી વર્ષા ગાયકવાડે આ મામલે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગની દરખાસ્તને સીએમ ઉદ્ધવ ઠાકરેએ મંજૂરી આપી દીધી છે. મુંબઈની જ વાત કરીએ તો ૭ જાન્યુઆરીએ ૨૦ હજારથી વધુ કેસ નોંધાયા બાદ નવા કેસનો આંકડો સતત ઘટી રહ્યો છે. જાન્યુઆરીના અંત સુધીમાં ડેઈલી કેસનો આંક એક હજાર સુધી પહોંચી જાય તેવી પણ શક્યતા છે.



સ્કૂલો આવતા સોમવારથી કોરોના ગાઈડલાઈનને ફોલો કરી ઓફલાઈન વર્ગો શરુ કરી શકશે. બાળકોને સ્કૂલે મોકલતા પહેલા વાલીએ લેખિત સહમતિ આપવાની રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા રસી લેવાને પાત્ર થતાં વિદ્યાર્થીઓ માટે સ્કૂલમાં જ કેમ્પ શરુ કરવાની પણ દરખાસ્ત મૂકી છે. મહારાષ્ટ્રમાં આ મહિનાની શરુઆતમાં જ સ્કૂલો બંધ કરવામાં આવી હતી. જોકે, કેસોમાં પ્રમાણમાં ઘટાડો થતાં હવે સ્કલો ફરી શરુ કરવાનો નિર્ણય લેવાયો છે.

રાજ્યના આરોગ્ય મંત્રી રાજેશ ટોપેએ જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં વાલીઓ તેમજ સ્કૂલો દ્વારા ઓફલાઈન ક્લાસ શરુ કરવા માગણી કરાઈ રહી હતી. સ્કૂલો લાંબો સમય બંધ રહેવાના કારણે બાળકોનું ભણતર બગડી રહ્યું હોવાથી સ્કૂલોને ફરી શરુ કરવાની માગ વધી રહી હતી.

## હવે એક્સ-રેથી કોરોના જાણી શકાશે

**સ્કોટલેન્ડના વૈજ્ઞાનિકોનો કોરોનાને લઈને નવો પ્રયોગ : પરીક્ષણ કોઈ વ્યક્તિમાં વાયરસની ઉપસ્થિતિ જાણવા એઆઈનો ઉપયોગ કરે છે, વૈજ્ઞાનિકોએ તેને ૯૮ ટકા સુધી સચોટ માન્યું**


એડિનબર્ગ, તા.૨૦

સ્કોટલેન્ડમાં વૈજ્ઞાનિકોના એક જૂથે કોરોના મહામારીને લઈ નવો પ્રયોગ કર્યો છે. તેના અંતર્ગત હવેથી એક્સરેનો ઉપયોગ કરીને જાણી શકાશે કે, દર્દીને કોરોના છે કે નહીં. એટલે સુધી કે વૈજ્ઞાનિકોએ તેને ૯૮ ટકા સુધી સચોટ માન્યું છે. પરીક્ષણ કોઈ વ્યક્તિની અંદર વાયરસની ઉપસ્થિતિ જાણવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરે છે.

સંશોધકોએ એમ પણ જણાવ્યું કે, તે આરટી-પીસીઆર પરીક્ષણ કરતાં તેજ હશે અને ૫થી ૧૦ મિનિટમાં તેનું પરિણામ આવી જશે. ઉલ્લેખનીય છે કે, આરટી-પીસીઆરનો રિપોર્ટ આવવામાં એક કલાક કરતાં વધારે સમય લાગી જાય છે. સંશોધકોએ જણાવ્યું કે, લાંબા સમયથી એક ત્વરિત અને વિશ્વસનીય ઉપકરણની આવશ્યકતા હતી જે કોવિડ-૧૯ની ઓળખ કરી શકે. એટલું જ નહીં એક્સરેના માધ્યમથી ઓમિક્રોન વેરિએન્ટ પણ ઝડપથી ઓળખી શકાશે.

યુ ડ બ લ યુ અ સ ન ા સંશોધકોના કહેવા પ્રમાણે નવી

● અનુસંધાન પાન-૭ પર



## ટિપ્પણી બદલ કાલિચરણ મહારાજને કસ્ટડીમાં લેવાયા

**મહાત્મા ગાંધી વિરૂદ્ધ ટિપ્પણ બદલ કાર્યવાહી : મહારાષ્ટ્રની થાણે પોલીસે છત્તીસગઢની રાજધાની રાયપુર ખાતેથી કાલીચરણ મહારાજને કસ્ટડીમાં લીધા**

થાણે, તા.૨૦

મહારાષ્ટ્રની થાણે પોલીસે મહાત્મા ગાંધી વિરૂદ્ધ કથિતરૂપે અપમાનજનક ટિપ્પણી કરવા મામલે હિંદુ ધર્મગુરૂ કાલીચરણ મહારાજને છત્તીસગઢ ખાતેથી કસ્ટડીમાં લીધા છે. નૌપાડા



થાણાના એક અધિકારીએ જણાવ્યું કે, બુધવારે રાતે છત્તીસગઢની રાજધાની રાયપુર ખાતેથી કાલીચરણ મહારાજને કસ્ટડીમાં લેવામાં આવેલા. ત્યાં તેઓ આવા જ એક કેસમાં જેલમાં બંધ હતા. તેમને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર થાણે લાવવામાં આવી રહ્યા છે અને ગુરૂવારે સાંજ સુધીમાં સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

અગાઉ ગત ૨૬ ડિસેમ્બરના રોજ છત્તીસગઢની રાજધાની ખાતે આયોજિત એક કાર્યક્રમમાં મહાત્મા ગાંધી વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરવાના આરોપસર રાયપુર પોલીસે કાલીચરણ મહારાજની ધરપકડ કરી હતી. જ્યારે ૧૨ જાન્યુઆરીના રોજ મહારાષ્ટ્રની વર્ધા પોલીસે આ પ્રકારના એક કેસમાં તેમની ધરપકડ કરી હતી.

નૌપાડા થાણાના અધિકારીએ જણાવ્યું કે, રાષ્ટ્રપિતા વિરૂદ્ધ કથિત ટિપ્પણીને લઈ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા અને મહારાષ્ટ્રના મંત્રી જિતેન્દ્ર અવ્હાડની ફરિયાદના આધાર પર કાલીચરણ મહારાજ વિરૂદ્ધ નોંધાયેલા કેસ મામલે રાયપુરથી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

અગાઉ ૧૯ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ 'શિવ પ્રતાપ દિન' કાર્યક્રમમાં કથિતરૂપે ભડકાઉ ભાષણ મામલે પુણે પોલીસે કાલીચરણ મહારાજની ધરપકડ કરી હતી.

## સરકાર બની તો કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના શરૂ કરાશે : સપા

લખનઉ, તા.૨૦

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે અને તેને લઈને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે ગુરુવારે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સ કરીને મોટી જાહેરાત કરી છે. અખિલેશે કહ્યું કે જો અમારી સરકાર બનશે તો અમે જૂની પેન્શન સિસ્ટમ શરૂ કરીશું.

અખિલેશ યાદવે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કહ્યું કે જો સમાજવાદી પાર્ટીની સરકાર બનશે તો કર્મચારીઓ માટે ૨૦૦૫ પહેલાની જૂની પેન્શન સિસ્ટમ પુનઃસ્થાપિત કરવામાં આવશે. અમે આ માટે જરૂરી ભંડોળની પણ વ્યવસ્થા કરીશું. લગભગ ૧૨ લાખ લોકોને તેનો લાભ મળશે.

સપા પ્રમુખે જાહેરાત કરી કે, 'જો સરકાર બનશે તો અમે કર્મચારીઓ માટે કેશલેસ ટ્રીટમેન્ટની સિસ્ટમ પણ શરૂ કરીશું. આ સિવાય વર્ગ ત્રણ અને ચારના કર્મચારીઓને તેમના ગૃહ જિલ્લામાં પોસ્ટ કરવામાં આવશે.

## ગોરખપુરમાં યોગીની સામે ચંદ્રશેખર આઝાદ ચૂંટણી લડશે

**અગાઉ ચંદ્રશેખર સપા સાથે ગઠબંધન કરવા ગયા હતા પરંતુ બાદમાં તેઓ ગઠબંધનથી પાછળ હટી ગયા હતા**




લખનૌ, તા.૨૦

ઉત્તરપ્રદેશમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. ભીમ આર્મી ચીફ ચંદ્રશેખર આઝાદે ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. તેઓ ગોરખપુર સદરથી ચૂંટણી લડશે. યોગી આદિત્યનાથે પણ અહીંયાથી જ ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. આ સ્થિતિમાં ચંદ્રશેખર અને યોગી વચ્ચે આવનાર ચૂંટણીમાં રસપ્રદ સ્પર્ધા જોવા મળશે.

ગોરખપુર સદરથી વર્ષ ૨૦૧૭માં ભાજપના રાધા મોહનદાસ અગ્રવાલે ૬૦ હજાર મતના અંતરથી જીત મેળવી હતી. આ સીટ ૧૯૮૯થી ભાજપ પાસે છે. આ અગાઉ ચંદ્રશેખર સપા સાથે ગઠબંધન કરવા ગયા હતા પરંતુ બાદમાં તેઓ સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધનથી પાછળ હટી ગયા હતા. ચંદ્રશેખર આઝાદે કહ્યું હતુ કે, અખિલેશ યાદવને દલિતના મતોની જરૂરત નથી, એટલા માટે સપા અને આઝાદ સમાજ પાર્ટીનું ગઠબંધન નહીં થાય. તેમણે આગળ કહ્યું હતું કે, અમે પોતાના દમ પર ચૂંટણી લડીશું અને જેમના માટે અમે રસ્તાઓ પર આંદોલન કર્યું છે, લાઠીઓ ખાધી છે, જેલમાં ગયા છે, એ જનતાને અપીલ કરીશું કે નવા લોકોને તક આપો.

## દિલ્હી રમખાણ કેસમાં એક શખ્સને ૫ વર્ષની કેદની સજા

**દિલ્હી રમખાણોમાં કોર્ટ દ્વારા પ્રથમ સજા : કોર્ટે દિનેશ યાદવને દિલ્હીના ગોકલપુરી ખાતે ભાગીરથી વિહારમાં આગજની કરવાના આરોપસર સજા સંભળાવી**

નવી દિલ્હી, તા.૨૦

ઉત્તર પૂર્વીય દિલ્હી ખાતે થયેલા રમખાણ મામલે ગુરૂવારે પહેલી સજા સંભળાવવામાં આવી હતી. દિલ્હીની કડકડડૂમા કોર્ટે દિનેશ યાદવ નામના શખ્સને ૫ વર્ષની સજા સંભળાવી છે. ફરિયાદી પક્ષના વકીલ આરસીએસ ભદૌરિયાએ આ વાતની પુષ્ટિ કરી હતી. દિનેશ યાદવને એક મહિલાના ઘરમાં લૂંટ અને આગજની મામલે ૫ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી છે.

કોર્ટે દિનેશ યાદવને દિલ્હીના ગોકલપુરી ખાતે ભાગીરથી વિહારમાં રહેતા ૭૦ વર્ષીય મહિલા મનોરીના ઘરે લૂંટફાટ અને આગજની કરવાના આરોપસર ૫ વર્ષની સજા સંભળાવી. દિનેશ યાદવ પણ તે વિસ્તારમાં જ રહે છે અને ઉત્તર પૂર્વીય દિલ્હી ખાતે થયેલા ભીષણ રમખાણોમાં કોઈને સજા સંભળાવવામાં આવી હોય તેવો આ પહેલો કેસ છે. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મનોરી નામની એક મહિલાના ઘરમાં લૂંટફાટ બાદ આગ ચાંપી દેવામાં આવી હતી. દંગાઈઓ તેમના ઢોર-ઢાંખર પણ ચોરી ગયા હતા. ૭૦ વર્ષીય મનોરીએ છત પરથી કૂદીને એક હિંદુ પરિવારમાં સંતાઈને પોતાનો જીવ બચાવ્યો હતો. ત્યાર બાદ પોલીસે કોઈક રીતે તેમના પરિવારને બચાવ્યો હતો અને આખો પરિવાર ૨ સપ્તાહ સુધી દિલ્હીથી બહાર રહ્યો હતો.

## મુઝફ્ફરપુરમાં લોકોએ ભાજપના ધારાસભ્યની ગાડીને ઘેરી લીધી

**ઉત્તર પ્રદેશમાં ચૂંટણી પ્રચાર પૂરજોશમાં : વિક્રમ સૈની ગામમાં પ્રવેશ્યા તે સાથે જ ગામના લોકોના ટોળાએ તેમના વિરૂદ્ધ નારાબાજી શરૂ કરી દીધી હતી**

મુઝફ્ફરનગર, તા.૨૦

આગામી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના અનુસંધાને ભાજપના એક ધારાસભ્ય જ્યારે મુઝફ્ફરનગર ખાતે પોતાના મતવિસ્તારમાં પ્રચાર કરવા નીકળ્યા ત્યારે લોકોના રોષનો ભોગ બન્યા હતા. રોષે ભરાયેલા લોકો તેમની ગાડીને ઘેરી વળ્યા હતા અને તેમણે ત્યાંથી પરત ફરવું પડ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં પણ ભારે વાયરલ થઈ રહ્યો છે.

ખટૌલી બેઠક પરથી ભાજપના ધારાસભ્ય વિક્રમ સિંહ સૈની બુધવારે એક બેઠક માટે ત્યાં પહોંચ્યા હતા પરંતુ સ્થાનિકોના રોષનો ભોગ બન્યા હતા.

સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, વિક્રમ સૈની ગામમાં પ્રવેશ્યા તે સાથે જ લોકોના ટોળાએ તેમના વિરૂદ્ધ નારાબાજી શરૂ કરી દીધી હતી અને તેમની ગાડીને ઘેરી વળ્યા હતા. ટોળે વળેલા ગામલોકોમાં આશરે એક વર્ષ ચાલેલા આંદોલન બાદ સરકાર દ્વારા પાછા ખેંચાયેલા કૃષિ કાયદા સહિત અનેક મુદ્દે રોષ જોવા મળી રહ્યો હતો.

## જો લોકો વળતરની અરજી ન કરે તો સામેથી તેમના સુધી પહોંચો : સુપ્રીમ

**સુપ્રીમ કોર્ટે રાજ્યોને ટકોર કરી : કોર્ટે કહ્યું કે તમે નહીં કરો તો અમારે રાજ્ય-જિલ્લાસ્તરની કાયદાકીય સેવાઓના માધ્યમથી પહોંચવું પડશે, ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગણાના પ્રયાસોને વખાણ્યા**

નવી દિલ્હી,તા.૨૦

બિહાર અને આંધ્ર પ્રદેશના મુખ્ય સચિવોને કોવિડ વળતરના ધીમા વિતરણ માટે વર્ચ્યુઅલ રીતે હાજર થવા માટે ત્રણ કલાકની નોટિસ સાથે સમન્સ આપ્યા પછી, સુપ્રીમ કોર્ટે બુધવારે કેટલાક રાજ્યોની વળતર આપવા મામલે સક્રિય પગલાં ન લેવા બદલ ઝટકણી કાઢી હતી અને અધિકારીઓને કહ્યું કે તેઓ પીડિતોના પરિવારો દાવાઓ રજૂ કરે તેની રાહ જોયા વિના તેમનો સંપર્ક કરે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે કોવિડ મહામારીમાં પોતાના પ્રિયજનોને ગુમાવનાર એક પણ પરિવારને વળતરથી વંચિત ન રાખવો જોઈએ અને દાવાની અરજીઓ તકનીકી આધાર પર નકારી ન શકાય. જસ્ટિસ એમ આર શાહ અને સંજીવ ખન્નાની બેન્ચે બિહાર અને આંધ્રપ્રદેશ સહિત વિવિધ રાજ્ય સરકારોને એવા કેસોમાં પણ વળતર ન આપવા બદલ આકરી ઝાટકણી કાઢી હતી કે જેને રાજ્ય દ્વારા ઘણા મહિનાઓ પહેલા કોવિડ મૃત્યુ તરીકે સત્તાવાર રીતે સ્વીકારવામાં આવ્યા હતા. ખંડપીઠે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેવા તમામ કેસોમાં તરત જ વળતરની રકમનું વિતરણ કરવાનો નિર્દેશ આપ્યો હતો જેને દાવાઓની રાહ જોયા વિના કોવિડ મૃત્યુ તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. કોર્ટે કહ્યું કે રાજ્યો પાસે તમામ માહિતી છે, જેમ કે નામ અને સરનામાં, ત્યારે સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો કે આ સત્તાવાર રીતે કોવિડ મૃત્યુ તરીકે જાહેર કરવામાં આવ્યા હોય તેવા પરિવારોને સત્તાવાળાઓએ વિલંબ કર્યા વિના વળતરની રકમનું વિતરણ કરવું જોઈએ અને આ માટે સામે ચાલીને પરિવારોનો સંપર્ક કરે. મહત્વનું છે કે સુપ્રીમ કોર્ટે એવા રાજ્યો કે જેમાં દાવાની અરજીઓની સંખ્યા સત્તાવાર કોવિડ મૃત્યુઆંક કરતા અનેકગણી હતી જેવા કે ગુજરાત, મહારાષ્ટ્ર અને તેલંગણા, આ રાજ્યો દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને બિરદાવતા બેન્ચે કહ્યું કે મોટી સંખ્યામાં લોકો આગળ

● અનુસંધાન પાન-૭ પર